# મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે

મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે..

હું તો હરખે વધાઉં ગુરુદેવ..મારે..

ગુરુદેવે યાત્રા કરી ભક્તિભાવથી રે..મારે..

સાથે સેવક સંઘ અપાર રે..મારે..

ગુરુદેવે દેખાડ્યા મુક્તિધામને રે.. (૨)

ગુરુદેવે દેખાડ્યા તીરથધામને રે...

ગુરુદેવે દેખાડ્યા શાશ્વતધામને રે...

ગુરુદેવે દેખાડ્યા તીર્થંકરધામને રે....

ગુરુદેવે દેખાડ્યા બાહુબલીના ધામને રે....

ગુરુદેવે દેખાડ્યા રત્નોનાં જિનદેવને રે..

ગુરુદેવે દેખાડ્યા શાસ્ત્રોના ભંડાર રે..

વળી દેખાડ્યા મુનિશ્વરના ધામને રે..

આવી યાત્રા અપૂર્વ આજ..

હું તો ચરણોમાં નમી નમી જાઉં..મારે..

મારે અંતરમાં આનંદ આનંદ થાય છે રે..

હું તો હરખે વધાઉં ગુરુદેવ..મારે..

ગુરુદેવનો સાથ મળવો બહુ દુહીલો રે..મારે..

સેવકના જન્મ સ-ફળ થાય..મારે..

પાવાપુરને રાજગૃહી રળીયામણા રે..

ગુરુદેવે દેખાડ્યા અનેક તીરથધામ..મારે..

મેં તો થાળ ભર્યા રે સગ મોતીએ..

હું તો રત્નોથી વધાઉં ગુરુદેવ..

મારે સુલભ કાળ ફરી આવ્યા રે..મારે..

ગુરુદેવે અચિંત્ય ભક્તિ કરાવી ભાવથી રે..

ગુરુદેવના હૃદયે વસે જિનદેવ..મારે..

ગુરુદેવના જિનેન્દ્ર અભિષેક-પૂજન દેખિયા રે..

વળી દેખ્યા વિધવિધ પ્રસંગ..મારે..

વળી દેખ્યા પ્રભાવી સંત..મારે..

હું તો રત્નોથી વધાઉં ગુરુદેવને રે..

નગરે નગરે વાણીના પૂર ગાજિયા રે..

ભવ્યોને દેખાડ્યા રમણિક ચૈતન્યધામ..મારે..

ભવ્યોને વાણી સુણી આશ્ચર્ય થાય..મારે..

નગરે નગરે સ્વાગત ગુરુજીના શોભતા રે..

ભવ્યો વિધવિધ પુષ્પે વધાવે ગુરુદેવ..મારે..

હું તો હરખે વધાવું ગુરુદેવ..મારે..

ગુરુદેવનું દ્રવ્ય અલૌકિક મંગલ શોભતું રે.. (૨)

એની વાણીમાં ચૈતન્ય ચમત્કાર..મારે..

ગુરુદેવે દેખાડ્યા મુક્તિના પંથ.. (૨)

જેથી આવે છે ભવ કેરા અંત..મારે..

દેવ ગુરુની મહિમા અપાર છે રે..(૨)

ગુરુવર ચરણોમાં વારી વારી જાઉં..મારે..

હું તો રત્નોથી વધાઉં ગુરુદેવને રે..

અપૂર્વ યાત્રા કરવી ભાવથી રે..(૨)

આજે ગગને અમૃત વર્ષા થાય રે..મારે..

મારું અંતર ઉછળી ઉછળી જાય રે..મારે..

આજે મીઠાં સૂર વીણાના વાગતાં રે..(૨)

કુમકુમ પગલે પધાર્યા ગુરુદેવ..મારે..

એમના હૃદયે વસે જિનદેવ..મારે..

મારા ગુરુજી મંગલમૂર્તિ મહાન છે રે..(૨)

એ તો પરમ પ્રભાવી છે સંત..મારે..

ગુરુવર ચરણોની નિશદિન સેવ..મારે..

મેં તો થાળ ભર્યા સગ મોતીએ રે..(૨)

હું તો રત્નોથી વધાવું ગુરુદેવ..

વળી આરતી ઉતારું ગુરુદેવ..

રત્નોથી આરતી ઉતારું ગુરુદેવ..મારે..

હું તો હરખે વધાવું ગુરુદેવ..

મારે સોના સમો રે સૂરજ ઊગીયો રે..